# અરવલ્લીમાં તડબુચની ખેતીએ ખેડૂતોને રાતા પાણીએ રડાવ્યા

## અસહ્ય તાપથી વેલા સુકાઈ જતાં સારા તડબુચ ખેતરોમાં જ તપી ગયા : લેભાગુ વેપારીઓએ પણ ખેડૂતોને ચુનો ચોપડ્યો

મોડાસા, તા.૩૦

મોડાસા પંથકમાં ચાલુ વર્ષે તડબુચની ખેતીનું સારા એવા પ્રમાણમાં વાવેતર થયું હતું. તડબુચના વાવેતર બાદ વારંવાર વાતાવરણના પલટાવને લીધે પાકને બચાવવા માટે ખેડૂતોએ મોંઘીદાટ દવાઓનો ખર્ચો કર્યો હતો પરંતુ હોળી પહેલા પડેલા અસહ્ય તાપને લીધે અચાનક જ સમયમર્યાદા પહેલા વેલા સુકાઈ જતાં ખેતરોમાં જ તડબુચના ફળ સુકાઈ ગયા હતા જેના લીધે ખેડૂતોને ભારે નુકશાન થવા પામ્યું હતું. ખેતરોમાં હજારો મણ તડબુચ સુકાઈ ગયા હતા. જેના લીધે ખેડૂતોએ કરેલો લાખો રૂપિયા ખર્ચે માથે પડ્યો હતો. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ઉત્પાદનમાં પણ ઘણો મોટો ઘટાડો નોંધાયો હતો. હાલ ખેડૂતોમાં તડબુચ મોટા પ્રમાણમાં બગડી ગયેલા અને તપી ગયેલા તડબુચ પડી રહ્યા છે. જેના લીધે ખેડૂતોની હાલત દયનીય બની જવા પામી હતી ત્યારે કેટલાક ખેડૂતોએ કયારેય તડબુચની કેતી ન કરવાનું પણ જણાવ્યું હતું. લાખો રૂપિયા ખર્ચો કરી તડબુચની ખેતી કરનાર ખેડૂતોને ઓછું ઉત્પાદન અને લેભાગુ વેપારીઓના લીધે રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે.



લેભાગુ વેપારીઓનો રાફડો ફાટ્યો કેટલાયે ખેડૂતોને ચુનો ચોપડ્યો હતો. તડબુચના વેપાર માટે હાલ કેટલાય વેપારીઓ હજારમાં આવી ગયા છે. જેમાં કેટલાક લેભાગુ વેપારીઓનો પણ રાફડો પણ ફાટી નીકળ્યો છે જેઓએ ખેડૂતોને ચુનો ચોપડવાના બનાવો પણ સામે આવ્યા છે. ખેડૂતોના ખેતરોમાંથી માલ ભરીને આવા લેભાગુ વેપારીઓ રૂપિયા આપતી વખતે ગલ્લાં તલ્લાં કરી ખેડૂતોને છેતરે છે તો કેટલાક વેપારીઓએ રૂપિયા માટે વાયદાઓ બતાવતાં ખેડૂતોની હાલત જાયે તો જાયે કહા જેવી સ્થિતિ સર્જાઈ છે.

# પ્રાંતિજમાં ગટરનું ગંદુ પાણી દુકાનમાં ઘુસતા દુકાનદાર પરેશાન

## છેલ્લા વીસ દિવસથી વેપારી દ્વારા રજુઆત કરવા છતા તંત્રના કાને બહેરાશ : આર. એન્ડ બી. દ્વારા છેલ્લા એક મહિનાથી આડેધડ ખોદકામ કરી દેતા રહીશોની તકલીફો ઘટવાને બદલે વધારો થયો છે

પ્રાંતિજ, તા.૩૦

પ્રાંતિજ એપ્રોચરોડ ત્રણ રસ્તા ઉપર આવેલ કોમ્પલેક્સની દુકાનમાં ગટરનું ગંદુ પાણી ઘુસી જતાં દુર્ગંધ મારતાં દુકાન માલિક સહિત આજુબાજુના લોકોના નાકના ટેળવા પણ જડી ગયા છે અને છેલ્લા ૨૦ દિવસથી તંત્રને જાણ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં ના આવતાં વેપારી દ્વારા રોષ સુધી ભરાઈ ગયું છે જયારે ગોડાઉન માલિક ચંપકભાઈ પટેલ દ્વારા પાલિકામાં છેલ્લા ૨૦ દિવસથી જાણ કરવા છતાં પાલિકા દ્વારા કોઈ નિવેડો લાવવામાં આવ્યો નથી. જયારે પીવીસી પાઈપ હોવાથી પાણીના કારણે માલસામાનને નુકશાન થયું નથી પણ હાલ તો દુકાન માલિક દ્વારા પોતાના પર્સનલ ખર્ચે મોટર દ્વારા પાણી બહાર કાઢવાનો પ્રયત્નો ચાલુ કર્યો છે ત્યારે



જોવા મળ્યો છે.

પ્રાંતિજના સી.જી.રોડ સમાન એપ્રોચરોડ ઉપર આવેલા કોમ્પલેક્સમાં ગુજરાત ઈલેકટ્રીક વર્કસની દુકાનના અંદર આવેલ ગોડાઉનમાં છેલ્લા ૨૦ દિવસથી ગટરનું પાણી ઘુસી જતાં વેપારી દ્વારા તંત્રને જાણ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નિવેડો લાવવામાં આવ્યો નથી અને ગંદુ પાણી ગોડાઉનમાં એક ફુટ હાલ તો પ્રાંતિજમાં રોડના વિકાસના કામોને લઈને કોન્ટ્રાકટર દ્વારા આ વિસ્તારમાં આડેધડ ખોદકામ કરી દેતા આ વિસ્તારનાં રહિશોની સમસ્યામાં દિવસે ને દિવસે ઘટાડો થવાને બદલે વધારો થતો હોય તેવું હાલ તો જણાઈ આવે છે ત્યારે પાલિકા દ્વારા આ વેપારીની સમસ્યા હજું કેટલા દિવસમાં નિવેડો આવશે એ જોવાનું રહ્યું.

# ઉનાવા પાસે વાડામાંથી ત્રણ ભેંસોની ઉઠાંતરી

ઊંઝા, તા.૩૦

ઊંઝા નજીકના ઉનાવા ગામે પોલીસ સ્ટેશનની માત્ર એક કિ.મી.ના અંતરે આવેલ બે સ્થળોથી વાડામાં બાંધેલ ત્રણ ભેંસોની રાત્રિના સમયે કોઈ તસ્કરો ઉઠાંતરી કરી જતાં પશુપાલકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે. વિગત એવી છે કે, ઉનાવા ગામે બોકરવાડા ગામ જવાના માર્ગ પર પ્રતાપગઢના ચૌધરી શૈલેષભાઈ મેઘરાજભાઈએ ખેતરમાં ભેંસો તેમજ ગાયો જેવા દુધાળા પશુઓ રાખે છે. આ પશુપાલક ડેરી દ્વારા યોજાયેલ પ્રવાસમાં ગયા હતા. ત્યારે રાત્રિના સમયે કોઈ તસ્કરોએ અહીં આવી વાડામાં બાંધેલ ઢોર પૈકી બે ભેંસોની સિફતપૂર્વક ચોરી કરીને કયાંક લઈ ગયા હતા.ચોરાયેલ ત્રણેય ભેંસોની કિંમત અંદાજે રૂપિયા અઢી લાખ જેટલી થવા જાય છે.

થોડા સમય પૂર્વે ઉનાવાના આનંદપુરાના એક ગરીબ ખેડૂતની ભેંસની ચોરી થઈ હતી. જેમાં આરોપીઓ પકડાવા છતાં પોલીસે હજી સુધી ચોરીમાં ગયેલા મુદ્દામાલ પરત કબજે કરેલ નથી. આ બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆત પણ થયેલ છે. આમ ઉનાવામાં છેલ્લા કેટલાય સમયથી ઢોર ચોરીનો ઉપદ્રવ વધી જતાં પશુપાલકો ચિંતાતૂર બન્યા છે.

ઉપરોક્ત બાબતે ઉનાવા પોલીસે ઢોર ચોરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ ઢોર ચોરીની ફરિયાદમાં શકમંદ તરીકે બાબુજી તલાજી ઠાકોર રહે. સુરપુરા અને દિનેશભાઈ વસ્તાભાઈ રબારી રહે. વિરતાના નામો દર્શાવાયેલ છે.

# દલાની મુવાડી ગામે સપ્તાહ અગાઉ અકસ્માતનો ભોગ બનેલ યુવાનનું સારવાર દરમિયાન મોત

તલોદ, તા.૩૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના દલાની મુવાડી પંથકમાં થયેલા વાહન અકસ્માતમાં ભારે ઈજાઓનો ભોગ બનેલા રીક્ષાના એક મુસાફરનું સિવિલ હોસ્પિટલ - અમદાવાદના બિછાને કણસતી હાલતમાં કરુણ મોત નિપજ્યું છે. દલાની મુવાડી પંથકમાંથી દોડતી એક લોડીંગ રીક્ષા પલટી ખાઈ જતાં તેમાં મુસાફરી કરી રહેલા બે વ્યક્તિઓને ગત સપ્તાહમાં ઈજાઓ પહોંચી હતી. તે પૈકીના વધુ ઈજાઓનો ભોગ બનેલા દલપતસિંહ ફતેસિંહ ઝાલાને ગંભીર હાલતમાં અમદાવાદ ખસેડવાની ફરજ પડી હતી. જયાં તેઓએ ગતરોજ સારવાર દરમિયાન અંતિમ શ્વાસ છોડ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગત સપ્તાહમાં દલાની મુવાડીની ઉપડેલી લોડીંગ રીક્ષા દલાની મુવાડીના રહીશ પરમાર કાંતિભાઈ હિરાભાઈ ચલાવી રહ્યા હતા. જે રીક્ષામાં દલપતસિંહ ફતેસિંહ ઝાલા અને અરખાભાઈ રામાભાઈ પરમાર મુસાફરી કરી રહ્યા હતા. કાંતિભાઈની રીક્ષા તલોદ-મજરા રોડ ઉપર દોડી રહી હતી ત્યારે, અચાનક રીક્ષાના આગળના ટાયરમાં પંકચર થઈ જતાં, તેઓએ રીક્ષાના સ્ટિયરીંગ ઉપરનો કાબુ ગુમાવી દીધો હતો અને તેથી રીક્ષા સાથે રોડ ઉપર પટકાઈ પડ્યા હતા.

જયાંદલપતસિંહ ઝાલાના માથાના તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જયારે અરખાભાઈ પરમારને શરીરના ભાગે નોંધપાત્ર ઈજા પહોંચી હતી. આ અકસ્માત થતાંજ રીક્ષાનાં ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. જેની રીક્ષાનો નંબર નોંધમાં આવી જતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અકસ્માત અને અકસ્માતે મોતના ગુનાની તપાસ હે.કો. કૌશિકભાઈ પી. વ્યાસ ચલાવી રહ્યા છે.





# પાલનપુરમાં ઓટો રીક્ષાચાલકોએ વિશાલ રેલી યોજી કલેકટરને આવેદનપત્ર આપ્યું

રાજયભરમાં રાજ્ય વાહન વિભાગ દ્વારા મેમાની રકમમાં વધારો કરાયો છે. જેના વિરોધમાં આજે પાલનપુર ખાતે બનાસકાંઠા ઓટો રીક્ષા સંઘર્ષ સમિતિ દ્વારા આબુ હાઈવે નજીક આવેલી એક હોટલથી વિશાળ સંખ્યામાં રેલી કાઢવામાં નીકળવામાં આવી હતી. રાજ્ય સરકાર વાહન વિભાગ દ્વારા રિક્ષાચાલકોની રોજી-રોટી તેમના બાળકોના શિક્ષણ અને બેરોજગારોને લઈને જે કાળો કાયદો લાગુ કરવામાં આવ્યો છે તે નાબુદ કરવા જેમાં એનસી મેમામાં દસ ગણો વધારો રદ કરવો, થર્ડ પાર્ટી વિમા પ્રિમીયમ રૂા. ૩૦૦૦નું લેવામાં આવે સહિતના પ્રશ્નોનો ઉકેલ લાવવા આજ રોજ પાલનપુર-આબુ હાઈવે નજીક આવેલી હોટલમાંથી સવારે વિશાળ રેલી યોજી જીલ્લા આર. ટી. વિભાગને ઓટો રીક્ષા ચાલકો એ રજૂઆત અંગે આવેદન પત્ર આપ્યું હતું બાદમાં ઓટોરીક્ષા ચાલકોએ રેલી સ્વરૂપે શહેરના મુખ્ય માર્ગ પર થઈને જીલ્લા સેવા સદન ખાતે પોહચી જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રાજય સરકારના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો તેમજ રેલી દરમિયાન રીક્ષાચાલકો એ હાય રે રૂપાણીના સૂત્રોચ્ચાર સાથે વિશાલ રેલી પાલનપુર શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. બનાસકાંઠા ઓટો રીક્ષા સંઘર્ષ સમિતિના પ્રમુખ સાજીદ મકરાણી, જણાવેલ કે આગામી સમય રાજય સરકારના વાહન વિભાગ દ્વારા એન.સી. મેમામાં દસ ગણો વધારો રદ કરવામાં નહિ આવે તો રાજય ભરમાં ઉગ્ર આંદોલન કરવાની રીક્ષા ચાલકો ચીમકી પણ ઉચ્ચારી હતી.

# મહોર પાટીયા પાસે કારે ટક્કર મારતા સ્કુટરચાલકનું મોત

સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકાના બાબસર નજીક આવેલ મહોર પાટીયા પાસેથી શનિવારે પસાર થઈ રહેલ કાર નં.જીજે.૧.કેડી.૫૨૫૪ ના ચાલકે ગફલત ભરી રીતે ડ્રાઈવીંગ કરી સ્કુટર નં.જીજે.૯.પી.૧૫૩૨ ને ટક્કર મારતા ગણેશભાઈનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. તેમજ સ્કુટર પાછળ બેઠળ નિકીતાબેન અને ચેતનાબેનને ઈજા થતાં તેમને સારવાર માટે ખસેડાયા હતા. જે અંગે મહોર ગામના મગનભાઈ ગોકળભાઈ પ્રજાપતિએ કાર ચાલક વિરૂધ્ધ વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# દાંતીવાડા બંધમાં પાણીસંગ્રહ તેમજ બનાસ નદીમાં પાણી છોડવા અંગે જોગ

ડીસા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેરની યાદીમાં જણાવ્યાંપ્રમાણે ચોમાસું વર્ષ-૨૦૧૬ દરમ્યાન દાંતીવાડા બંધમાં પાણી સંગ્રહ કરવામાં આવશે. ચોમાસામાં બનાસ નદીના ઉપરવાસના વિસ્તારમાં ભારે વરસાદ થાય તો નદીમાં પૂર આવે અને બંધ પૂરો ભરાયા બાદ જરૂર જણાયે દાંતીવાડા બંધમાંથી બનાસ નદીમાં પાણી છોડવામાં આવે તો નિચાણવાળા ભાગમાં અસર થવાની સંભાવના છે. બનાસ નદીના પટમાં ખેતી કરનારા, ધોબી ઘાટવાળા, રેતી કાઢવાવાળા તેમજ નદીના આસપાસના વિસ્તારમાં રહેતા અવર જવર કરનાર તમામ પ્રજાજનોને ઉંચાણવાળી સલામત જગ્યાએ ખસી તથા પોતાના ઢોર-ઢાંખર નદીમાં ન લાવવા વિનંતી કરવામાં આવી છે.

# નડિયાદની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સન્માન સમારોહ યોજાયો

નડિયાદ, તા.૩૦

શ્રી જલારામ મંદિર નડિયાદ ખાતે ઉજ્જૈનમાં ક્ષિપ્રા નદીના કિનારે સિંહસ્થ કુંભમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરનાર જલારામ મંદિરના પ્રણેતા ભાનુભાઈ પારેખ તેમજ નયા પડકારના પ્રેસ ફોટોગ્રાફર રાજુભાઈ મહંતના ષષ્ઠી પૂર્તિ મહોત્સવમાં નડિયાદના વિવિધ ૫૧ જેટલી સંસ્થાઓ દ્વારા આનંદ આશ્રમના પૂ. મુદિત વદના નંદ સરસ્વતીજીના પ્રમુખ સ્થાને સંપન્ન થયો. મંગલદિપ પ્રગટાવવા સ્વામીશ્રીએ જણાવ્યું કે ભાનુભાઈ પારેખની સેવાકીય પ્રવૃત્તિઓ અને રાજુભાઈ મહંતની પત્રકારત્વની કામગીરી પણ બિરદાવવા લાયક છે. સારું કામ કરનારને સમાજ બિરદાવે નહીં તો તે




સમાજ નમાલો કહેવાય.આ પ્રસંગે રામાનંદ વૈષ્ણવ સમાજના પ્રમુખ વિનોદભાઈ મહંત તેમજ ખેડા જિલ્લાના પત્રકાર સંઘના પ્રમુખ મહેશભાઈ મહેતા એ બંને મહાનુભાવોની સેવાને બિરદાવી હતી.

આ પ્રસંગે કૃષ્ણાશ્રમ આશ્રમ મહેલાલના ભાગવત્ ભૂષણ ઉમેશભાઈ શાસ્ત્રી, રામજી મંદિર વાલ્બાના ભગવાન દાસજી મહારાજ તેમજ અનેક મહાનુભાવો ઉપસ્થિત રહી નડિયાદની સ્વૈચ્છિક સંસ્થાઓ બિરદાવી હતી. સમારંભની શરુઆતમાં સ્વાગત પ્રવચન ગુજરાત યુવક વિકાસ પરિષદના સંયોજક ગૌતમભાઈ બ્રહ્મભટ્ટે કર્યું હતું. સમગ્ર સમારંભનું સંચાલન હિતેશભાઈ બ્રહ્મભટ્ટે કર્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાના ૧૧ પેટ્રોલપંપ પરથી પુરવઠા વિભાગે સેમ્પલ લીધા

હિંમતનગર, તા.૩૦

સાબરકાંઠા જિલ્લામાં આવેલા પેટ્રોલપંપો પરથી ગ્રાહકોને કેરોસીન તેમજ સોલવન્ટ મિશ્રિત પેટ્રોલ અને ડીઝલનું વેચાણ કરવામાં આવતુ હોવાની ફરિયાદો બાદ જિલ્લા કલેકટર દ્વારા પેટ્રોલપંપની ચકાસણી કરવા માટેના આદેશો આપવામાં આવ્યા હતા. જે અંતર્ગત નવ ટીમો બનાવી સમગ્ર જિલ્લામાં આવેલા અલગ અલગ ૧૧ પેટ્રોલપંપોની ચકાસણી કરી ડીઝલ અને પેટ્રોલના સેમ્પલો લઈ વધુ ચકાસણી માટે ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. જેના પરિણામે પેટ્રોલપંપ સંચાલકોમાં ફફડાટ ફેલાયો છે. સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા ખરીદ વેચાણ સંઘ સંચાલિત ગાંભોઈ અને હિંમતનગરના પેટ્રોલપંપો પર ગ્રાહકોને નિયત વજન કરતા ઓછા વજનનું પેટ્રોલ અને ડીઝલનું વિતરણ કરાતા હોવાની તપાસમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિઓ માલૂમ પડતા જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા કાર્યવાહી કરાઈ હતી. તે દરમિયાન કેટલાક નાગરિકોએ જિલ્લા કલેકટરને જિલ્લાના કેટલાક પેટ્રોલપંપ પરથી ભેળસેળ યુકત પેટ્રોલનું વેચાણ થતુ હોવાની માહિતી રજુ કરતા જિલ્લા કલેકટર પી.સ્વરૂપ દ્વારા પ્રાંત અધિકારીઓ, મામલતદારો અને પુરવઠા વિભાગના નાયબ મામલતદારોને પેટ્રોલપંપોની ચકાસણી તેમજ તપાસ કરવા માટેના આદેશો કરાયા હતા.

આ અંગે વધુ માહિતી આપતા ઈન્ચાર્જ જિલ્લા પુરવઠા અધિકારી કલ્પેશ પાટીદારે જણાવ્યુ હતું કે જિલ્લા કલેકટર પી.સ્વરૂપના માર્ગદર્શન હેઠળ પ્રાંત અધિકારી, મામલતદાર અને નાયબ મામલતદારની એક ટીમ મળી કુલ નવ ટીમો બનાવીને હિંમતનગર, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, પ્રાંતિજ, તલોદના વિવિધ પેટ્રોલપંપોની તપાસ કરાઈ હતી. જે દરમિયાન શનિવારે ૧૧ પેટ્રોલપંપો પરથી ડીઝલ અને પેટ્રોલના નમુના લઈ વધુચકાસણી માટે ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે. જેના રિપોર્ટ આવ્યા બાદ વધુ કાર્યવાહી હાથ ધરાશે.

## કયા પેટ્રોલપંપોની તપાસ કરાઈ

૧. હિંમતનગર તાલુકાના એસ.ડી.પેટ્રોલીયમ બાયપાસ રોડ,એન્જલ પેટ્રોલીયમ ગઢોડા રોડ,લકી પેટ્રોલીયમ કાટવાડ રોડ, ૨. ઈડર તાલુકાના દીવાના પેટ્રોલીયમ જાદર, ૩. વડાલી તાલુકાના ધનલક્ષ્મી પેટ્રોલપંપ ડોભાડા, ૪. ખેડબ્રહ્મા તાલુકાના એન.એસ.દોશી પેટ્રોલીયમ, ૫. વિજયનગર તાલુકાના સાંઇ પેટ્રોલીયમ ચિઠોડા, ૬. પ્રાંતિજ તાલુકાના ભૈરવનાથ પેટ્રોલીયમ, સિધ્ધિ વિનાયક પેટ્રોલીયમ દલપુર, ૭. તલોદ તાલુકાના વી.ડી.મહેતા પેટ્રોલીયમ, ઉમીયા પેટ્રોલીયમ ગોરા

# તલોદની સી.ડી. પટેલ શાળાનું ગૌરવ

તલોદની ચુનીભાઈ દેસાઈભાઈ પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું તાજેતરમાં માર્ચ-૨૦૧૬માં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૬૮.૪૬ ટકા આવ્યું હતું. જેમાં શાળાના દસ વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ મેળવી શાળા અને તાલુકાનું ગૌરવ વધાર્યું છે. વર્ષ-૨૦૧૬ માર્ચ માસમાં લેવાયેલી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર થયુ હતુ. જેમાં તલોદની સી.ડી. પટેલ હાયર સેકન્ડરી સ્કૂલના ૧૦ તેજસ્વી વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કર્યા હતા. આ પરીક્ષામાં પ્રાપ્તી ચૌધરીએ ૪૩૫ ગુણ સાથે ૯૮.૩૬ પર્સન્ટાઈલ, મિહિર પ્રજાપતિએ ૪૨૪ ગુણ સાથે ૯૮.૦૮ પર્સન્ટાઈલ, વત્સલ મોદીએ ૪૨૨ ગુણ સાથે ૯૭.૯૨, મમતાબેન ભાનુશાલીએ ૪૦૫ ગુણ સાથે ૯૫.૪૨ પર્સન્ટાઈલ, દેવલ શાહે ૩૯૭ ગુણ સાથે ૯૫.૪૬ પર્સન્ટાઈલ, કરન શાહે ૩૯૧ ગુણ સાથે ૯૩.૫૯ પર્સન્ટાઈલ, મોનીકા ગંગવાણીએ ૩૬૫ ગુણ સાથે ૮૯.૭૦ પર્સન્ટાઈલ, બીનલ પટેલે ૩૬૦ ગુણ સાથે ૮૯.૭૦ પર્સન્ટાઈલ, આયુષી શાહે ૩૫૬ ગુણ સાથે ૮૮.૦૭ પર્સન્ટાઈલ અને ઉમંગ દોશીએ ૩૫૫ ગુણ સાથે ૮૮.૭૬ પર્સન્ટાઈલ રેન્ક હાંસલ કર્યા હતા. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# તલોદમાં મોસમે કરવટ બદલતા આંશિક રાહત

તલોદ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકા પંથકમાં કુદરતે કરવટ બદલતા મોસમમાં આંશિક રાહતનો અનુભવ પ્રજાજનો કરી રહ્યા છે. દિન-રાત ફૂંકાતા વેગીલા પવનોને કારણે સામાન્ય પ્રજાને ખાસ ગરમીમાં રાહત મળી છે. જો કે, ભારે બાફવાળી ગરમી પ્રજાજનોને અચુક ત્રાસજનક તો લાગી જ રહી છે.

વાવાઝોડા અને વરસાદની આગાહીને પગલે પ્રજાજનો સાબદા બન્યા છે. તાલુકા પંથકમાં ચાલતા ઠેર-ઠેર ખોદકામને કારણે આગામી ચોમાસાના દિવસો પ્રજા માટે ભારે યાતનારૂપ બની રહેશે તેમ મનાય છે. માટે તંત્ર પોતાની માનવીય અને ફરજના ભાગરૂપની પણ જવાબદારી નિભાવે તેવી લોકલાગણી છે.

# તલોદ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ પદે પી.ડી. ઝાલા વિજયી

તલોદ, તા. ૩૦

તલોદ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષની આજે યોજાયેલી રસાકસીભરી ચૂંટણીમાં કોંગ્રેસના પી.ડી. ઝાલા વિજય બન્યા હતા.

તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષ તરફથી આંત્રોલીના રહીશ પૃથ્વીસિંહ દૂરસિંહ ઝાલાને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. પરંતુ કોંગ્રેસના જ અન્ય એક કાર્યકર સજ્જનસિંહ કાળુસિંહ ઝાલાએ પક્ષના મેન્ડેટથી નારાજ થઈ તેના સામા પક્ષે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. આમ બન્ને કોંગ્રેસીઓ વચ્ચે જ ચૂંટણી યોજાઈ હતી. જેમાં એસ.કે. ઝાલાને ૪ મત અને પી.ડી. ઝાલાને ૫ મત મળતા આખરે પી.ડી. ઝાલાને વિજય ઘોષિત કરવામાં આવ્યા હતા. સજ્જનસિંહે પક્ષના મેન્ડેટ વિરૂદ્ધ કામગીરી કરીને બળવો કર્યો હોવાની હકીકત તાલુકા કોંગ્રેસ સમિતિએ મોવડી મંડળને જણાવી હતી. જેના આધારે એસ.કે. ઝાલાને પક્ષ શિસ્તભંગના પગલા સહિતની કારણદર્શક નોટિસ આપવામાં આવશે તેમ જાણવા મળ્યુ હતુ.